# Fun with Family

Day-52 | 20 May, 2020



ચાલો રમીએ, ભણીએ, ગણીએ
નિત નિત નવું શીખીએ;
મનગમતા સુંદર મઝાના રમકડાં બનાવીએ,
કાગળની હોડી બનાવી પાણીમાં તરાવીએ.
સવાર પડે ને રોજ આવે **FUN WITH FAMILY**,
સાથે મળી સંપીને કરીએ મજાની પ્રવૃત્તિ...

## "FWF SONG"





## ''Waste માંથી શ્રેષ્ઠ''

બાળમિત્રો, આજે પથ્થરને પણ
સુંદર બનાવે તેવી ચિત્રકળા
શીખીશું...
લીંક દબાવો અને
અદ્‌ભૂત કળા શીખો...

https://bit.ly/3e1CYTY

## "Glass Tower"

ßÜÖ ßÜäë ×´ ½±ù ÖöÝëß
કેમ મૂંઝાઇ ગયા...?? ભાષા ખબર ન
પડી... એવું લખ્યું છે કે
'રમત રમવા થઇ જાઓ તૈયાર''...
લીંક દબાવો અને રમત શીખો...

https://bit.ly/36f7VBk





## "મેળવો રાજીપો"

બાળમિત્રો, આજે સહજાનંદ નામાવલીનાં આગળનાં ૧૦ નામનો અર્થ સમજી મુખપાઠ કરીએ અને ક્વીઝનો આનંદ માણીએ...

અર્થ : https://bit.ly/2SWDPNm

ક્વીઝ : https://bit.ly/3cMFey8

## "Family Doctor"

બાળમિત્રો, આજે આપણે 'Family Doctor' બનવાનું છે... ડોક્ટરની જેમ ચશ્મા-કપડાં પહેરી ઘરના સભ્યોના દાંત અને બ્રશ ચેક કરો.. Strict થવું પડશે... અને બ્રશ કરવાની આદર્શ રીત પરિવારના સભ્યોને વિડીયો દ્વારા દેખાડો... લીંક દબાવો અને વિડીયો દેખાડો...

https://bit.ly/36f9zTw






## "સુરીલો ગાયક"

બાળમિત્રો, આજે એક સરસ મજાનું કીર્તન ગાતા શીખવાનું છે... લીંક દબાવી કીર્તનનો રાગ શીખો અને આજે રાત્રે ઘરના સભ્યો સામે રજૂ કરો... Good Luck...

https://bit.ly/3bMl3Pi

## "Jumping Shopping"

જલ્દી જલ્દી લીંક દબાવો... પ્રોપર્ટી ભેગી કરો... પરિવારના સભ્યોને બોલાવો... રમત રમો... આનંદ આનંદ કરો...

https://bit.ly/2zdAgvB





## "આજે ખબર પડી...!!"

Friends, વર્ષોથી આપણે બેડમિન્ટન રમીએ છીએ... ચાલો, આજે જોઈએ કે તેમાં વપરાતું Shuttle Cock કઈ રીતે બને છે... તમે આશ્ચર્યચકિત થઈ જશો... લીંક દબાવો અને વિડીયો માણો...

https://bit.ly/36dkKvX

## "વારતા રે વારતા"

ચાલો, આજે એક અદ્ભુત વાર્તા જોઈએ... અને તેમાંથી શું બોધ મળે છે? તે વિચાર કરીએ અને તે બોધ કાગળમાં લખીને આપણા નોટીસ બોર્ડમાં લગાવીએ...

https://bit.ly/2ToTV2O



## "My Guru, My Life"

બાળમિત્રો, આજે આપણને ગુરુહરિ મહંતસ્વામી મહારાજના મુખેથી
કીર્તન સાંભળવાનો લાભ મળશે...
લીંક દબાવો અને અદ્‌ભૂત કીર્તન સાંભળો...

https://bit.ly/2TmklC5



“મગજમારી”

# Wild Animals Crossword




Across: 3 Lion, 5 Elephant, 6 Bear, 8 Giraffe, 10 Zebra
Down: 1 Monkey, 2 Tiger, 4 Snake, 7 Panda, 9 Frog
Answer Key

# આવું તો આજે જ જાણ્યું...!!

કોઈ જોક કે રમૂજી જોક્સ સાંભળીને હસવાથી મગજના પાંચ જુદા-જુદા ભાગો સક્રિય બને છે.



એક પ્રકારની નીલગિરિના થડનો રંગ મેઘધનુષ્યના રંગો જેવો હોય છે.



નાનકડા લાગતા એક સામાન્ય વાદળનું વજન ૧૦ હાથી જેટલું હોય છે. ઘણાં વાદળો ૧૦ માઈલ ઊંચાં હોય છે.





બિલાડીનું મગજ આઈપેડ - ૨ કરતાં એક હજાર ગણી માહિતી સંઘરી શકે છે !



એક સંશોધન પ્રમાણે માણસને દરરોજ ૫૦,૦૦૦ થી ૭૦,૦૦૦ વિચારો આવે છે.



ચેસની રમતનો હોંશિયાર ખેલાડી ચેસની પહેલી ચાલ કરવાની એક લાખ રીત જાણતો હોય છે.



બીટનું જ્યૂસ પીવાથી મગજમાં લોહીનો પ્રવાહ વધી જાય છે.

# Krishna and Sudama

Bhagwan Shri Krishna and Sudama studied at Guru Sandipani's Ashram. They were close friends. After completing studies, Krishna became the ruler of Dwarka and Sudama remained a poor Brahmin.




Once, Sudama's wife said, "Why don't you go and meet your old friend Krishna. He will certainly help you so that we can live happily." Sudama reluctantly went to meet his old friend. His wife had given him a small bag of beaten rice as a present to Krishna.







On reaching Dwarka, the royal guards would not let Sudama enter the palace because he was dressed in rags. They made fun of him. But one of the guards went to Krishna and told him of his supposed friend's arrival.




On hearing Sudama's name Krishna, left his throne and started running bare-footed to meet his dear old friend. The guards were convinced that what Sudama had said was true. Krishna embraced his old friend.

Krishna made Sudama sit on a comfortable seat and began to wash his feet, which were bleeding and full of thorns.




Then Krishna took him to his own bedroom and made him lie on his bed. He began to press his friend's tired feet.







After seeing the luxury in which Krishna lived, Sudama hesitated to give him the beaten rice. Krishna said, "My sister must have sent me something. What is it?" Sudama reluctantly gave him the present he had brought. Krishna began to eat the rice.




Then, a disappointed Sudama left for home thinking, "My friend Krishna has not given me anything. " But he was mistaken. As he neared his village and looked up, a magnificent palace stood in place of his old hut. His wife and children were decked in fine clothes and jewellery. Each grain that Krishna had put in his mouth resulted in Sudama getting rid of his poverty.

# સંબંધોનું મૂલ્ય



એક વાર બે ભાઈઓની મિલકતના ભાગલા પડ્યા. દરેક વસ્તુને બે સરખા ભાગે વહેંચી, પણ એક સોનાની વીંટી માટે બોલાચાલી થઈ. એક કહે, 'વીંટી મારી...' અને બીજો કહે, 'વીંટી તો હું જ લઈશ.' આમ કરતાં ઝઘડો થયો. વર્ષોના સારા સંબંધો બગડે તેવી સ્થિતિ ઊભી થઈ. આમ કરતાં ઝઘડો ગામના સરપંચ પાસે પહોંચ્યો.



ગામના સરપંચ ખૂબ સજ્જન, પરોપકારી અને પ્રજાપ્રેમી હતા. ગામના નાનામાં નાના માણસની પણ તેઓ કાળજી લેતા. કોઈ મુશ્કેલીમાં આવી પડે તો મદદ કરતા. તેમણે બંને ભાઈઓની વાત ધ્યાનથી સાંભળી. પછી બંને ભાઈઓના વર્ષોના સંબંધો એક સોનાની વીંટી માટે બગડે નહીં તેવો કોઈ ઉપાય વિચાર્યો. તેમણે વીંટી પોતાની પાસે રાખી. ચાર-પાંચ દિવસ પછી બંને ભાઈઓને વારાફરતી આવવા જણાવ્યું.



પાંચ દિવસ પછી બંને ભાઈઓ વારાફરતી સરપંચ પાસે ગયા. સરપંચે ગામના સોનીમહાજન પાસે પેલી વીંટી જેવી જ બીજી વીંટી બનાવડાવી હતી. તેથી બંને ભાઈઓને એક-એક વીંટી આપી. આપતી વખતે બંનેને કહ્યું, 'આ વીંટી મેં તમને આપી છે, એવી તમારા ભાઈને વાત કરવી નહીં. તથા આ વીંટી તમારે પહેરવી નહીં. ઘરમાં સાચવીને રાખવી.'

આમ, બંને ભાઈઓના સંબંધો સચવાઈ ગયા. એકાદ વર્ષ બાદ તેમની બહેનની સગાઈનો પ્રસંગ આવ્યો. બન્યું એવું કે સગાઈના દિવસે જ સગાઈ માટે લાવવામાં આવેલી વીંટી ક્યાંક ખોવાઈ ગઈ ! આબરૂ સાચવવા બંને ભાઈઓ પોતપોતાની વીંટી લઈને બહેન પાસે તરત જ આવી પહોંચ્યા. એક વીંટી બહેનને આપી, સગાઈની વિધિ પતાવી, પણ તેઓ બંનેને સરપંચની કહેલી વાત યાદ આવી.




બંને ભાઈઓ વિચારમાં જ પડી ગયા કે આ શું થઈ ગયું ! ત્યાં જ સગાઈના પ્રસંગે પધારેલા સરપંચશ્રી પર બંનેની નજર પડી. બંનેને વાત સમજતાં વાર ન લાગી. સરપંચશ્રી પણ મંદ-મંદ હસતા હતા. સરપંચશ્રીએ બંને ભાઈઓને કહ્યું, ‘ભાઈ, કિંમત વસ્તુની નહીં સંબંધોની છે!’ પ્રસંગ પત્યા બાદ ખોવાયેલી સગાઈની વીંટી પણ મળી આવી.




હવે સગાઈની વીંટી અને પોતાની પાસેની એક વીંટી લઈને બંને ભાઈઓ સરપંચશ્રીના ઘરે પહોંચ્યા. તેમણે બંને વીંટીઓ સરપંચને આપી. ત્યારે સરપંચે પૂછ્યું, ‘ભાઈઓ, મેં તો માત્ર એક જ વીંટી આપી હતી, તમે મને બે કેમ આપી રહ્યા છો ?’ ત્યારે બંને ભાઈઓ બોલ્યા, ‘વસ્તુ કરતાં સંબંધોનું મૂલ્ય અનેકગણું છે. જેવી રીતે તમે અમારું ઘર ભાંગતા બચાવ્યું તેવી રીતે આમાંથી બીજાનાં ઘર બચાવજો.’




**બોધ : ગમે તેવી કીમતી વસ્તુ હોય, પણ તેના કારણે મિત્ર-મિત્ર, ભાઈ-ભાઈ, પિતા-પુત્ર જેવા પવિત્ર સંબંધો બગાડવા નહીં. કારણ કે વસ્તુ તો ફરી મળશે, પરંતુ બગડેલા સંબંધો સુધરતાં ઘણી વાર લાગે છે.**




















Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...
"Fun with Family" ની બધી activity દેશ-વિદેશમાં
રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યા છે...
તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલા
ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...
નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.

https://bit.ly/2XcRKQP



# આપનો ડૉક્ટર મિત્ર

## અને હા...
## આટલું તો ખાસ ધ્યાન રાખીશું...



ઉધરસ/છીંક આવે
તો રૂમાલ રાખીને ખાશો.



ઘરમાં એકબીજા સભ્યોથી
દૂર રહો.



દર ૨૦ મિનિટે સાબુથી
ઘસીને હાથ ધોઈ
નાંખશો.



ઘરની બહાર નીકળવું
નહિ.



આંખ, મોઢું, નાકને સ્પર્શ
કરવાનું ટાળો.

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. ( **9998999209)**

https://bit.ly/2UF4j7o

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી કે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.
પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ